# સાતમાં તબક્કામાં આજે ૮૯ બેઠક ઉપર મતદાન

નવીદિલ્હી,તા. ૨૯

સાત રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોને આવરી લેતી લોકસભાની ૮૯ બેઠકો ઉપર આવતીકાલે સાતમા તબક્કામાં મતદાન યોજાનાર છે. જેમાં ગુજરાતની તમામ ૨૬ અને પંજાબની તમામ ૧૩ બેઠકનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં અનેક મોટા માથાના ભાવિનો ફેંસલો થનાર છે જેમાં સોનિયા ગાંધી, નરેન્દ્ર મોદી, એલકે અડવાણી, રાજનાથસિંહનો સમાવેશ થાય છે. હાઈપ્રોફાઈલ ચૂંટણી પ્રચારનો અંત આવ્યા બાદ હવે ભારે સસ્પેન્સની સ્થિતિ રહેલી છે. તેલંગાણાની ૧૭ બેઠક ઉપર પણ મતદાન થશે. ચૂંટણી મેદાનમાં એક હજારથી પણ વધુ ઉમેદવાર છે. સોનિયા ગાંધીના રાયબરેલી, નરેન્દ્ર



મોદીની વડોદરા બેઠક, અડવાણીની ગાંધીનગર અને રાજનાથસિંહની લખનૌ બેઠક ઉપર મતદાન યોજાનાર છે. અન્ય જે બેઠક ઉપર મોટા માથાઓ મેદાનમાં છે તેમાં કેન્દ્રિય પ્રધાન ફારુક અબ્દુલ્લા, ભાજપના મુરલી મનોહર જોશી, કેન્દ્રીય પ્રધાન શ્રીપ્રકાશ જયસ્વાલ, જેડીયુના પ્રમુખ શરદ યાદવનો સમાવેશ થાય છે. ઉમા ભારતી અને પ્રદિપ જૈન પણ મેદાનમાં છે. જિતિન પ્રસાદ દોરાહામાંથ મેદાનમાં છે. ભાજપનું નેતૃત્વ પ્રચારમાં નરેન્દ્ર મોદીએ કર્યું હતું. પ્રચાર દરમિયાન વિકાસ ભ્રષ્ટાચાર, મોંઘવારી, રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીના મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. બીજી બાજુ કોંગ્રેસે ગુજરાત મોડલ, કોમવાદ, ભાજપની વિભાજનકારી નીતિના મુદ્દા ઉઠાવ્યા હતા. રાહુલે અદાણી ગ્રુપ સાથે મોદીના સંબંધનો મુદ્દો ઉઠાવ્યો હતો. એએપી દ્વારા પણ ગુજરાતમાં પોતાના ઉમેદવાર ઉતારવામાં આવ્યા છે. આંધ્રપ્રદેશમાં ૧૭ લોકસભા બેઠક અને તલંગાણા પ્રદેશમાં ૧૧૯ વિધાનસભા બેઠક માટે મતદાન યોજાનાર છે. ૧૭ લોકસભા બેઠક માટે ૨૬૫ ઉમેદવાર છે જ્યારે ૧૧૯ વિધાનસભા બેઠક માટે ૧૬૬૯ ઉમેદવારો મેદાનમાં છે. આશરે બે કરોડ ૮૭ લાખ મતદારો આવતીકાલે ૩૦૫૧૮થી વધુ મતદાન મથકો ઉપર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. સાતમાં તબક્કામાં આંધ્રપ્રદેશની ૧૭, બિહારની સાત, જમ્મુ કાશ્મીર એક, પંજાબમાં ૧૩, ઉત્તરપ્રદેશમાં ૧૪, પશ્ચિમ બંગાળમાં નવ, દાદરા અને નગરહવેલીમાં એક એમ કુલ ૮૯ બેઠકો માટે મતદાન યોજાનાર છે. ચૂંટણી પંચે પ્રચારનો અંત આવ્યા બાદ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા તમામ પગલા લીધા હતા. નવ તબક્કામાં યોજાનાર ચૂંટણીમાં આને ચોથા સૌથી મોટા તબક્કા તરીકે ગણવામાં આવે છે. પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગુજરાતની બેઠકો સામેલ હોવાથી ચૂંટણીને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંસદીય ચૂંટણી ઉપરાંત ગુજરાત, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ૧૩૦ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી પણ યોજાનાર છે. અનેક મોટા માથાઓના ભાવિનો ફેંસલો થનાર છે. ચૂંટણીને લઈને ભારે ઉત્સુકતા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની રાયબરેલી બેઠકમાં પણ મતદાન યોજાનાર છે. મોટા તબક્કા તરીકે આને ગણવામાં આવે છે.

**કયા દિગ્ગજો મેદાનમાં**

| દિગ્ગજ ઉમેદવાર | બેઠક |
|---|---|
| નરેન્દ્ર મોદી | વડોદરા |
| સોનિયા ગાંધી | રાયબરેલી |
| રાજનાથસિંહ | લખનૌ |
| ફારુક અબ્દુલ્લા | શ્રીનગર |
| મુરલી મનોહર જોશી | કાનપુર |
| શ્રીપ્રકાશ જયસ્વાલ | કાનપુર |
| શરદ યાદવ | માધેપુર |
| લાલકૃષ્ણ અડવાણી | ગાંધીનગર |
| ઉમા ભારતી | ઝાંસી |
| જૈન આદિત્ય | ઝાંસી |
| જિતિન પ્રસાદ | દોરાહા |
| પીએલ પુણિયા | બારાબંકી |

## ત્રાસવાદીઓને ઘુસાડવા માટે પાકિસ્તાનની સેનાના પ્રયાસો

જમ્મુ ,તા. ૨૯

પાકિસ્તાની સેનાએ ખતરનાક યોજનાના ભાગરૂપે ભારતમાં મોટા પાયે ત્રાસવાદીઓને ઘુસાડવા માટે તૈયારી કરી છે. જેના ભાગરૂપે છેલ્લા કેટલાક દિવસથી યુદ્ધ વિરામના ભંગના બનાવો સરહદ પર બની રહ્યા છે. પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરના રાજોરી જિલ્મામાં અંકુશ રેકા નજીક નાના અને ઓટોમેટિક હથિયારો મારફતે ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાીવને ગોળીબાર કર્યો છે. છેલ્લા ચાર દિવસની અંદર બીજી વખત પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે. આના કારણે સરહદ પર તંગદીલી વધી ગઈ છે. પાકિસ્તાની સૈના દ્વારા વારંવાર યુદ્ધવિરામના ભંગના કારણે એમ માનવામાં આવે છે કે તે ત્રાસવાદીઓને દેશમાં ઘુસાડવાના પ્રયાસમાં છે. સંરક્ષણ પ્રવકતાએ માહિતી આપતા કહ્યું છે કે પાકિસ્તાની ફોર્સે રાજોરી જિલ્લાના ભીમ્બર ગલીમાં એલઓસી પાસે ભારતીય ચોકીને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સરહદી રેખા પર તૈનાત કરવામાં આવેલા જવાનોએ જવાબી કાર્યવાહી કરી રહ્યા છે. બન્ને દેશોના જવાનો વચ્ચે કલાકો સુધી ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતીય જવાનોના ધ્યાનને અન્યત્ર વાળીને પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. એલઓસી પાસે કરવામાં આવેલા ગોળીબારમાં કોઈને ઈજા થઈ નથી.

## કેન્દ્રમાં એનડીએ સરકાર બનશે તો રાજનાથ સિંહ સરકારમાં નહી જોડાય

નવી દિલ્હી,તા. ૨૯

લોકસભાની ચૂંટણી બાદ જો કેન્દ્રમાં એનડીએ સરકાર બનશે તો ભાજપ પ્રમુખ રાજનાથસિંહ સરકારમાં સામેલ થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. રાજનાથ સિંહ સરકારમાં સામેલ થવાના બદલે પાર્ટીની સ્થિતીને વધારે મજબુત કરવા માટે સતત કામ કરશે. રાજનાથસિંહ પોતે કહી ચુક્યા છે કે તેઓ આગામી એનડીએ સરકારમાં સામેલ થવાના બદલે પાર્ટીમાં રહેવાનુ વધારે પસંદ કરશે. ભાજપના નેતાએ કહ્યું હતું કે જો ભાજપની જીત થસે અને કેન્દ્રમાં નવી સરકારની રચના માટે વાતચીત શરૂ થશે ત્યારે તેઓ પોતાની ઈચ્છા રજૂ કરશે. થોડાક



સપ્તાહમાં કેબિનેટની રચનાની પ્રક્રિયા શરૂ કરાશે ત્યારે સંસ્થામાં રહેવાની રાજનાથ વાત કરશે. સિંહે આના માટે આરએસએસ અને પક્ષમાં ટોચના નેતાઓ સાથે વાતચીત શરૂ કરી છે. ભાજપના ઉદાર ચહેરા તરીકે રાજનાથસિંહને રજૂ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૩માં રાજનાથસિંહ ભાજપના પ્રમુખ તરીકે નિમાયા હતા. તેમની ત્રણ વર્ષની અવધી ડિસેમ્બર ૨૦૧૫માં પૂર્ણ થશે. ભાજપના ૪૦ ટોચના હોદેદારોની ટીમ ખુબ સક્રિય થયેલી છે. મોદીની લહેરને વધારે મજબુત કરવામાં તેમની ભૂમિકા રહેલી છે. લોકસભાની ચૂંટણી બાદ પાર્ટીના માળખામાં ફેરફાર કરવામાં આવેતેવી શક્યતા પણ દેખાઈ રહી છે. જો ભાજપ સરકાર બનશે તો મોદીની કેબિનેટમાં કેટલાક નામો ચોક્કસપણે રહેશે જેમાં સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી, વેકંયા નાયડુ, નિતિન ગડકરીનો સમાવેશ થાય છે. પાર્ટીના સુત્રોએ કહ્યું છે કે સંઘ પાર્ટી પર તેની પક્કડ નબળી થાય તેમ ઈચ્છુક નથી. ખુબ ગણતરીપૂર્વક કેબિનેટની રચના કરવામાં આવશે કેમ કે પક્ષ પાસેથી આશા ખુબ રહેશે. ભારતીય જનતા પાર્ટી જુદા જુદા પાસા પર વિચારણામાં વ્યસ્ત છે.

## ગિરીરાજ સિંહની ધરપકડ સામે આખરે મનાઈહુકમ

રાંચી,તા.૨૯

ઝારખંડની અદાલતે ભાજપના વરિષ્ઠ નેતા ગિરીરાજસિંહને આજે રાહત આપી દીધી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન ઉશ્કેરણીજનક ભાષણ બદલ ત્રીજી મે સુધી ગિરીરાજસિંહની ધરપકડ માટે આદેશને ટાળવાનો ઝારખંડ કોર્ટે આજે આદેશ કર્યો હતો. દિયોદર જિલ્લા કોર્ટે આ મુજબનો આદેશ કર્યો હતો. તેમની આગોતરા જામીન માટેની અરજી ગિરીરાજસિંહે દાખલ કર્યા બાદ કોર્ટે ચુકાદો આપ્યો હતો. ગિરીરાજસિંહ સામે બે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે જે પૈકીની એક બોકારો જિલ્લામાં અને બીજી દિયોઘર જિલ્લામાં દાખલ કરવામાં આવી છે. ગિરીરાજસિંહ બિહારમાં નવાડા મતવિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર છે. ઝારખંડમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ૧૮મી એપ્રિલના દિવસે પોતાના ભાષણમાં ભાજપના નેતાએ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીનો વિરોધ કરનાર લોકોને પાકિસ્તાન જવું પડશે અને આ લોકો પાકિસ્તાનના સમર્થકો છે.

## બાળક જેવું વર્તન કરવાનો મોદી પર પ્રિયંકા ગાંધીનો તીવ્ર આક્ષેપ

નવીદિલ્હી, તા.૨૯

પ્રિયંકા ગાંધી વાઢેરાએ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપર આક્ષેપોનો મારો સતત જારી રહ્યો છે. મોદીની ઝાટકણી કાઢતા પ્રિયંકાએ કહ્યું છે કે, મોદી વડાપ્રધાન પદના ઉમેદવાર છે તેમને બાળક જેવું વર્તન શા માટે કરવું જોઈએ. રાહુલ ગાંધી પ્રત્યે મોદીના શહેજાદા શબ્દના ઉપયોગ અને અન્ય ટિપ્પણીનો ઉલ્લેખ કરતા પ્રિયંકાએ



કહ્યું હતું કે દેશના વડાપ્રધાન બનવાનું આપનું સ્વપ્ન રહેલું છે જેથી બાળક તરીકેનું વર્તન શા માટે તમે કરી રહ્યા છો. પ્રિયંકાએ કહ્યું હતું કે, હોદ્દાના ગૌરવને જાળવી રાખવાના પ્રયાસ કરવા જોઈએ. રાહુલ માટે ચૂંટણી પ્રચાર કરતા પ્રિયંકાએ તેમના ભાઈ માટે મત માંગ્યા હતા. ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. ભાજપના નેતા સ્મૃતિ ઈરાની ઉપર પ્રહાર કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે, કેટલાક નેતાઓ રિપોર્ટર સાથે બંધ બારણે બેસીને ચર્ચા કરે છે અને અમેઠીમાં વિકાસના મુદ્દે ટિપ્પણી કરે છે. આ પ્રકારના નેતાઓને વિકાસમાં કોઈ રસ નથી. સ્મૃતિ ઈરાની આર્મચેર પોલિટિશિયન હોવાની વાત પ્રિયંકાએ કરી હતી. બીજી બાજુ પ્રિયંકાના પ્રહાર સામે જવાબ આપતા સ્મૃતિએ કહ્યું હતું કે, તેઓ જે કંઈ પણ છે તે પરિવારના નામ ઉપર નથી. તમામ મહેનત કરીને આ નામ મેળવ્યું છે. એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં સ્મૃતિએ કહ્યું હતું કે, અમેઠીના વિકાસની બાબત ખુબ જ આઘાતજનક છે.

## ભારત-પાક બોર્ડરને મોદી ફાઈડ કરી દેવાઈ : રિપોર્ટ

અમૃતસર,તા.૨૯

પાકિસ્તાન સરહદ સાથે જોડાયેલા વિસ્તારોમાં ભાજપે પોતાના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની એક રાષ્ટ્રવાદી ઇમેજ ઉભી કરવાના હેતુસર ખાસ પ્રયાસ હાથ ધર્યા છે. બોર્ડર મોદીફાઇડ કરાઈ છે. વાઘા સરહદથી લઇને કાશ્મીર સરહદ સુધી મોદીના એવા હોર્લ્ડિંગ મુકવામાં આવ્યા છે જેમાં સંદેશ આપવામાં આવ્યો છે કે, મોદી સરહદની સુરક્ષા કરી શકે છે. મત મેળવવાના હેતુસર આને ગણવામાં આવે છે. પાકિસ્તાન વાઘા સરહદ ઉપર મોદીના હોર્ડિંગ્સ નજરે પડે છે. કાશ્મીર બોર્ડર પર પણ આવા હોર્ડિંગ્સ નજરે પડે છે. ભાજપના નેતાનું કહેવું છે કે, સરહદી વિસ્તારોમાં પાકિસ્તાનની દહેશત મોટો મુદ્દો છે.

## સમાચાર ઝલક

- ઇન્ટરનેટ એક્સપ્લોઝર પર હેકર્સનું આક્રમણ.
- સોહરાબુદ્દીન કેસમાં અભય ચુડાસમા સહિત ત્રણને જામીન.
- ઇજિપ્તમાં મુસ્લિમ બ્રધરહૂડના આગેવાન સહિત ૬૮૨ લોકોને મોતની સજા.
- સાસુ શર્મિલા ટાગોર અને વહુ કરીનાનાં સંબંધોમાં તિરાડની શક્યતા.
- દુરનતો એક્સપ્રેસનાં ૮ કોચ પાટા પરથી ઉતરી ગયા, ડઝનથી વધુ ઘાયલ.
- ૩૦મી એપ્રિલનાં મતદાનના દિવસે ગરમીનો પારો ઊંચો રહેવાની હવામાન વિભાગની આગાહી.
- બ્રિટનમાં બેરોજગારી ભથ્થું મેળવનારાઓએ દેશના સ્મારકોની સફાઇ કરવી પડશે.
- બીજા સપ્તાહમાં '૨-સ્ટેટ્સ' ફિલ્મની કમાણી ૭૦ કરોડને વટાવી ગઇ.
- નવી શાળાઓને સી.સી.ટી.વી. કેમેરા વગર લીલીઝંડી મળશે નહિ.
- ૩૭૦ કિલો વજન ધરાવતી મહિલાને લગ્ન કરવા માટે પાતળા થવું છે, સર્જરી માટે ૩ લાખની જરૂર.
- ઇટાલીમાં વિશ્વના સૌથી વૃદ્ધ પુરૂષનું ૧૧૧ વર્ષની વયે નિધન.
- યોગગુરૂ બાબા રામદેવજીએ કલકત્તામાં દલિતોનું ચરણપૂજન કરવાની પહેલ કરી.
- જેટ એરવેઝનો નાગપુરનો મુસાફર બેરોકટોક રાજકોટ પહોંચી ગયો.
- માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનું મૂલ્યાંકન કાર્ય ૯૫% પૂર્ણ.
- છોટા ઉદેપુરના ક્વોટમાં સોની દંપતીની હત્યાના વિરોધમાં ત્રણ દિવસનું બંધનું એલાન.
- હીટ એન્ટ રન કેસમાં સલમાનખાનની મુશ્કેલી વધી, ઉત્તરપ્રદેશમાંથી પાંચ સાક્ષીઓ મળ્યા.
- સખાવતી સંસ્થાઓની કર-રાહતો આગામી બજેટમાં નાબુદ કરવા ભલામણ.
- આઇ.પી.એલ.માં સટ્ટાખોરો સાવચેતીથી કામ લઇ રહ્યા છે.
- હાર્ટ સંબંધિત રોગોને દૂર રાખવામાં લગ્નની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે.
- આજે મતદાન કરવા જાવ ત્યારે મોબાઇલ સાથે રાખતા નહીં, સાચવવાની જોગવાઇ નથી.
- અખાત્રીજે રાજ્યમાં ૩૫,૦૦૦થી વધુ લગ્ન, દાન-પુણ્યનું મહત્ત્વ, સોના-ચાંદી ખરીદવાનો ઉત્તમ સમય.
- સારા વરસાદ માટે આસામનાં ગામડાઓમાં દેડકાં-દેડકીના લગ્ન કરાવવામાં આવ્યા છે.

## કોંગ્રેસ અને ભાજપની વચ્ચે યુક્તિ સમજૂતિ : કેજરીવાલ

વારાણસી,તા. ૨૯

જાસૂસી કૌભાંડ અને રોબર્ટ વાઢેરા વિવાદને ઉઠાવતા એએપીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે યુક્તિ સમજૂતિ હોવાનો આક્ષેપ કર્યો હતો. બંને મુદ્દાઓ ઉપર એક-બીજાની સામે પગલા નહીં લેવાની સમજૂતિ થયેલી છે. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અનેભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી એકબીજાના મતવિસ્તારમાં કેમ ચૂંટણી પ્રચાર કરતા નથી. ગુજરાતના મુખ્યમંત્રીને ટાર્ગેટ બનાવતા કેજરીવાલે કહ્યું હતું કે, વાઢેરાના મુદ્દા ઉપર નરેન્દ્ર મોદીએ તેમનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ. જો ભાજપ આ મુદ્દે ગંભીર છે તો ભાજપના નેતૃત્વમાં રાજસ્થાન સરકાર વાઢેરાની સામે કેમ એફઆઈઆર દાખલ કરતી નથી. કોંગ્રેસ અને ભાજપે હાથ મિલાવી લીધા છે. આ લોકો માત્ર



એકબીજાની સામે ટિપ્પણી કરે છે પરંતુ તેમની પાર્ટીના નેતૃત્વમાં સત્તા તેમના લોકો સામે પગલા લેતી નથી. જો તેઓ શીલા દિક્ષીત અને મુકેશ અંબાણી સામે એફઆઈઆર દાખલ કરી શકે છે તો ભાજપના નેતૃત્વમાં સરકાર કેમ કામ કરી શકતી નથી. રાજસ્થાનમાં છેલ્લા ચાર મહિનામાં વાઢેરા સામે કોઈ એફઆઈઆર દાખલ થઈ શકી નથી. કોંગ્રેસને ટાર્ગેટ બનાવતા કેજરીવાલે કહ્યું હતં કે, જો યુપીએ સરકાર અદાણી મુદ્દો ગંભીર છે તો તેમની ભૂમિકામાં તપાસ કરવા સીબીઆઈને કેમ કહેતી નથી. એએપીના નેતાએ પારસ્પરિક સમજણ હોવાનો આક્ષેપ ભાજપ અને કોંગ્રેસ ઉપર કર્યો હતો. કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે, જાસૂસી કૌભાંડમાંતપાસ સીબીઆઈને સોંપવામાં આવ્યા બાદથી ચાર મહિનાનો સમય થઈ ગયો છે. જો સીબીઆઈ ઈચ્છે તો મોદીની ધરપકડ કરી શકાય છે. ભાજપ અને કોંગ્રેસ સમજૂતિ ધરાવે છે. વાઢેરા સામે પગલાના મુદ્દા ઉપર મોદીના નિવેદન અંગે કેજરીવાલે કહ્યુંહતુંકે, કોંગ્રેસ અને ભાજપ વચ્ચે આંતરિક ખેંચતાણની સ્થિતિ રહેલી છે.

## ત્રીજા દિવસે શેરબજારમાં મંદી

મુંબઈ, તા. ૨૯

શેરબજારમાં આજે પણ મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૧૬૫ પોઈન્ટ ઘટીને નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. મેટલ, બેંક અને ઓટો મોબાઈલના શેરમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું. આજે સતત ત્રીજા કારોબારી સત્રમાં ઘટાડો રહ્યો હતો. ગયા સપ્તાહમાં સેંસેક્સ નવી ઉંચી સપાટીએ પહોંચી ગયા બાદ તેમાં આજે ઘટાડો રહ્યો હતો. સેંસેક્સ આજે સવારે ૨૨૬૫૪ની સપાટીએ ખુલ્યા બાદ અંતે તેમાં ૨૨૪૬૬ની સપાટી જોવા મળી હતી. ગઈકાલે સેંસેક્સ ૨૨૬૩૨ની સપાટીએ બંધ રહ્યો હતો. સેંસેક્સ આજે એક વખતે ઈન્ટ્રા ડે દરમિયાન ૨૨૬૮૧ની સપાટીએ પહોંચ્યો હતો. મેટલ, બેંક અને ઓટો મોબાઈલના શેરમાં ભારે વેચવાલીનું દબાણ રહ્યું હતું. મેટલ ઈન્ડેક્સમાં ૨૭૯ પોઈન્ટનો અને બેંક ઈન્ડેક્સમાં ૧૯૦ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જ્યારે ઓટો મોબાઈલ ઈન્ડેક્સમાં ૧૬૧ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ૪૪ પોઈન્ટ ઘટીને ૬૭૧૮ની સપાટીએ રહ્યો હતો. લોકસભાની ચૂંટણી જારી છે ત્યારે શેરબજારની તેના ઉપર નજર કેન્દ્રીત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે પણ મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ એફઆઈઆઈ દ્વારા વેચવાલી વચ્ચે ૫૬ પોઈન્ટ ઘટીને બંધ રહેતા તેની સપાટી ૨૨૬૩૧ નોંધાઈ હતી. ઓટો અને હેવી મશીનરીના સેક્ટરમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. ઓટો અને હેવી મશીનરીનો શેરમાં સતત બીજા દિવસે મોટો કડાકો બોલી ગયો હતો. આંતરરાષ્ટ્રીય પરિબળોની અસર પણ બજાર ઉપર જોવા મળી રહી હતી. યુક્રેનને લઈને ઉભી થયેલી નવી તંગદિલીના પરિણામ સ્વરુપે વૈશ્વિક બજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું છે. ગઈકાલે નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટીમાં ૨૨ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૬૭૬૧ નોંધાઈ હતી. બ્રોકરોનું કહેવું છે કે, રોકાણકારો હાલમાં પ્રોફિટ બુક કરવામાં લાગેલા છે. જુદા જુદા નબળા પરિબળોની અસર પણ જોવા મળી રહી છે. એશિયા અને યુરોપિયન બજારમાં નબળા પ્રવાહની અસર રહી હતી.

## રાડિયા ટેપ : રાઇટ ટુ પ્રાઈવેસી મુદ્દા પર પહેલા સુનાવણી થશે

નવી દિલ્હી,તા. ૨૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ કોર્પોરેટ લોબિસ્ટ નિરા રાડિયા ટેપમાં બે મુદ્દાઓને અલગ રીતે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. નિરા રાડિયાની વિવાદાસ્પદ ટેપ વાતચીત બાદ ઉભી થયેલી ગેરકાયદેસર બાબતો અને ગુનેગારીના મુદ્દાઓને અલગ કરવાનો નિર્ણય કર્યો છે. સુપ્રીમ કોર્ટે સૌથી પહેલા તત્કાલિન તાતા વડા રતન તાતા દ્વારા ઉઠાવવામાં આવેલા રાઈટ ટુ પ્રાઈવેસીના મુદ્દાને સાંભળવાનો નિર્ણય કર્યો હતો. જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે કહ્યું હતું કે, બે ભાગોમાં જુદા જુદા મામલાઓને અલગ કરવાની જરૂર છે. બેંચે એમ પણ કહ્યું હતું કે, પ્રથમ ભાગમાં પ્રાઈવેસી સાથે સંબંધિત પાસાઓમાં સાંભળવામાં આવશે. જસ્ટિસ જેએસ કેહર અને આરકે અગ્રવાલની બનેલી બેંચે કહ્યું હતું કે, ગુનેગારી અને ખાનગી પાર્ટીઓને જુદા જુદા કોન્ટ્રાક્ટ આપવામાં ગેરરીતિના મુદ્દાને ઉઠાવવામાં આવશે. બેંચે સ્પષ્ટતા કરી હતી કે તે સંબંધિત પાર્ટીઓને આ મુદ્દાઓથી આગળ વધવા કોઈને મંજુરી આપશે નહીં.

## મુડગલ કમિટિની રચના અંગે સુપ્રીમ કોર્ટનો ચુકાદો અનામત

નવી દિલ્હી,તા. ૨૯

આઈપીએલ-૬માં સટ્ટાકાંડ અને ફિક્સિંગના આક્ષેપોમાં તપાસ કરવા જસ્ટિસ મુકુલ મુડગલ તપાસ સમિતિની રચનાના મુદ્દે સુપ્રીમ કોર્ટે આજે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. તપાસ સામે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ સમિતિની રચના અંગે ચુકાદો અનાતમ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે, તપાસ પેનલની શરતોને લંબાવવામાં આવશે. સાથે સાથે તેને વધુ સત્તાઓ આપવામાં આવશે. સત્તા અને ફિક્સિંગના આક્ષેપોમાં તપાસ કરવા તેની પસંદગીની વ્યવસ્થાનો ઉપયોગ કરવા મંજુરી આપવામાં આવશે તેમ પણ માનવામાં આવી રહ્યું હતું પરંતુ આજની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અલગ વલણ અપનાવ્યું હતું. મુડગલ કમિટિ અગાઉ આઈપીએલ ફિક્સિંગ કૌભાંડમાં તપાસ કરવા સહમત થઈ હતી હવે તેમની તપાસ પૂર્ણ કરવા ચાર મહિનાનો સમય આપવા સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી છે. તપાસ હાથ ધરવામાં સુપ્રીમ કોર્ટની મદદની પણ માંગ કરવામાં આવી છે. પેનલે અગાઉ તપાસમાં સામેલ થવા સીબીઆઈના નિવૃત્ત સ્પેશિયલ ડિરેક્ટર એમએન શર્માની માંગ પણ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ગયા સપ્તાહમાં તપાસ પેનલ અંગે નિર્ણય ૨૯મી એપ્રિલ સુધી મોકૂફ રાખ્યો હતો. તપાસ પેનલે અગાઉ એવો સંકેત આપ્યો હતો કે, તે ઉંડાણ સુધી તપાસ કરવા તપાસ વ્યવસ્થા ધરાવતી નથી. જસ્ટિસ એકે પટનાયક અને ઈબ્રાહીમ ખલીફુલ્લા બનેલી બે જજની બેંચે ૧૨ ખેલાડીઓ અને ક્રિકેટ અધિકારીઓની ઓળખ ગુપ્ત રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.